# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૧
## તારીખ.૦૧–૦૧–૨૦૧૯

આજ રોજ તારીખ.૦૧–૦૧–૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૨૬ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૨
## તારીખ.૦૧–૦૧–૨૦૧૯

આજ રોજ તારીખ.૦૧–૦૧–૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૩૮ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી વર્ષ ૨૦૧૮–૨૦૧૯ ના નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૩

## તારીખ.૦૧–૦૧–૨૦૧૯

આથી ઠરાવ કરવામાં આવે છે કે એસ્ટેટ કલાર્ક તથા ચીફ ઓફીસરશ્રીનો રીપોર્ટની વિગત વંચાણે લેતા સરદાર ટાવર પાસે આવેલ દેના બેંકનો ભાડા પટ્ટો પુર્ણ થતાં બેંક – તરફથી તારીખ.૦૮–૦૩–૨૦૧૬થી ભાડા પટ્ટો રીન્યુ કરવા અરજી આવતાં નગરપાલિકા એ સુ.જા.નં.૮૦૫૦ તારીખ.૦૯–૦૩–૨૦૧૬ થી ભાડા પટ્ટો રીન્યુ કરવા માટે નીચે જણાવેલ મુજબ રીન્યુ માટે કાર્યવાહી કરવા પત્ર લખેલ નંબર.(૧) તારીખ.૦૧–૦૪–૨૦૧૬ થી અંગ્રેજી બે (૨) વર્ષ માટે માસીક ભાડામાં ૫૦ ટકાનો વધારો નંબર.(૨)દર બે વર્ષ બાદ માસીક ભાડામાં ૧૦ (દસ) ટકાનો વધારો તથા અન્ય શરતો નકકી કરી બેંકને પત્ર લખેલ હતો.

ત્યાર બાદ બેંક તરફથી તારીખ.૩૦–૦૬–૨૦૧૬ના રોજ પત્ર આવેલ જેમાં શરત નંબર.૧ મુજબ માસીક ભાડામાં ૫૦ ટકાનો વધારો સંમતી આપેલ અને નંબર.(૨) માં જે માસીક ભાડામાં બે વર્ષ વધારે બદલ બેંક પાંચ વર્ષે ૨૦ ટકાનો વધારો સંમતી બતાવેલ હતી તે પત્રના આધારે અત્રેની કચેરીએ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૪ તારીખ. ૧૬–૦૯–૨૦૧૬ થી શરત નંબર. ૨ (બે) મુજબ તારીખ.૩૧–૦૩–૨૦૧૬ થી માસીક લાયસંસમાં ૫૦ ટકાનો વધારો થતાં માસીક ભાડુ રૂપીયા.૯૦૦૦/– નકકી થયેલ તથા શરત નંબર. ૪ મુજબ અંગ્રેજી પાંચ વર્ષ બાદ માસીક લાયસંસ ફી માં ૨૦ ટકા નો વધારો તથા અન્ય શરતો નકકી કરેલ હતી. ત્યાર બાદ સુ.જા.નં.૫૫૮ તારીખ.૨૬–૦૫–૨૦૧૮ થી લાયસંસ નો કરાર અંગેની શરતોનો ડ્રાફટ એપ્રુઅલ કરી દિન–૧૦ માં મોકલી આપવા બેંકને પત્ર લખેલ હતો જેનો જવાબ તેઓશ્રી તરફથી આવેલ નથી.

ત્યાર બાદ તારીખ.૦૫–૧૨–૨૦૧૮ ના રોજ બેંક માંથી પત્ર આવેલ છે તેઓનો તારીખ.૦૧–૦૪–૨૦૧૬થી લાયસંસ ફી (ભાડાનો) ડીફરન્સ બેંકના નિયમ મુજબ આપી શકે તેમ નથી પણ માસીક ભાડામાં ૯૦ ટકા સુધી વધારી આપી શકે તે મુજબનો પત્ર આવેલ છે.

ચીફ ઓફીસરશ્રી તથા બેંકના પત્રના આધારે આજની કમીટીમાં ધનિષ્ટ ચર્ચા બાદ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૪ તારીખ.૧૬–૦૯–૨૦૧૬ શરત નંબર. (૨) માસીક ભાડુ તારીખ.૩૧–૦૩–૨૦૧૬ના રોજ રૂપીયા. ૬૦૦૦/– અંકે રૂપીયા છ હજાર પુરા હતુ તેમાં ૫૦ ટકાનો વધારો કરતાં રૂપીયા. ૯૦૦૦/– અંકે રૂપીયા નવ હજાર પુરા દરમાસે ભરવાના રહેશે તે નકકી કરેલ છે. તેને બદલે તારીખ.૦૧–૦૧–૨૦૧૯થી માસીક લાયસંસ ફી (ભાડુ) રૂપીયા.૧૨,૦૦૦/– અંકે રૂપીયા બાર હજાર પુરા દર

માસે ભરવાના રહેશે તથા લાયસન્સનો કરાર તારીખ.૩૧–૦૩–૨૦૧૬ થી અંગ્રેજી દશ વર્ષ માટેનો રહેશે તથા શરત નંબર. (૭) માં ભાડા કરાર કરવાનો સ્ટેમ્પ રૂપીયા. ૩૦૦૦/– તથા રૂપીયા. ૧૦૦૦/– વકીલ ફી, ટાઈપ ખર્ચ વિગેરે બેંકે ભોગવવાનો રહેશે તેને બદલે લાયસંસ કરાર (ભાડાનો) રજીસ્ટર કરવાના અંગેનો ખર્ચ ૫૦ ટકા બેંકનો અને ૫૦ ટકા નગરપાલિકાનો રહેશે બાકીની શરતો એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૪ તારીખ.૧૬–૦૯–૨૦૧૬ મુજબની રહેશે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી